



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૩૬ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ બીજ, સોમવાર ૧૮ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦


# ઈરાન માટે સમય નીકળી રહ્યો છે : ટ્રમ્પની ચીમકી

**સોશિયલ** મીડિયા ટ્રુથ પર ટ્રમ્પે કરેલી બે અલગ અલગ પોસ્ટને ઇરાન માટે ચેતવણી તરીકે જોવામાં આવી રહી છે

**એક** પોસ્ટમાં ટ્રમ્પે સમુદ્રમાં લશ્કરી કમાન્ડર સાથેની પોતાની તસવીરને કેપ્શન આપ્યું કે આ તોફાન પહેલાની શાંતિ છે

**બીજી** પોસ્ટમાં ટ્રમ્પે લખ્યું કે ઇરાન માટે ઘડિયાળ ટિક ટિક કરી રહી છે, જો ઝડપ નહીં કરે તો તેમના માટે કંઇ નહીં બચે

**વોશિંગ્ટન, તા. 17 :** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે પોતાના સોશિયલ મીડિયા પર કરેલી બે અલગ અલગ પોસ્ટથી ઈરાન સાથે ફરી એકવાર યુદ્ધ ભડકવાની આશંકાઓ વહેતી થઈ છે એ તેમની આ બંને પોસ્ટને ઈરાન માટે ગર્ભિત ચેતવણી તરીકે જોવામાં આવી રહી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોતાની એક તસવીર પોસ્ટ કરી, જેમાં તેઓ એક લશ્કરી કમાન્ડર સાથે સમુદ્રમાં એક જહાજ પર સવાર દેખાઈ રહ્યા છે. ટ્રમ્પે આ તસવીરને કેપ્શન આપ્યું,

...અનુસંધાન પાના 2 પર




## ઇરાન સમક્ષ અમેરિકાએ યુરેનિયમ ટ્રાન્સફર, પરમાણુ મર્યાદા સહિત પાંચ શરતો મૂકી

**તહેરાન, તા. ૧૭:** ઈરાનની 'ફાર્સ ન્યૂઝ એજન્સી'ના અહેવાલ મુજબ, ચાલુ વાટાઘાટો દરમિયાન અમેરિકાએ ઈરાન સમક્ષ પાંચ મહત્વની શરતો મૂકી હોવાના અહેવાલ છે અને અમેરિકાએ અગાઉના પ્રતિબંધો અને નીતિગત નિર્ણયોને કારણે થયેલા નુકસાન માટે ઈરાનને કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવાનો ઈનકાર કરી દીધો છે. આમાંથી કેટલીક શરતો ફાર્સ ન્યૂઝે અહેવાલમાં જણાવી છે. અમેરિકાએ વાટાઘાટોના ભાગરૂપે ઈરાન પાસે ૪૦૦ કિલોગ્રામ સંવર્ધિત યુરેનિયમ અમેરિકાને સોંપી દેવાની માંગ પણ કરી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. અહેવાલમાં ઉલ્લેખિત અન્ય એક શરત મુજબ, ઈરાનની પરમાણુ સુવિધાઓમાંથી માત્ર એક જ સેટ કાર્યરત રહેવો જોઈએ. અમેરિકાએ ઈરાનની વિદેશમાં ફ્રીઝ થયેલી અસ્કયામતોમાંથી ૨૫ ટકા પણ

...અનુસંધાન પાના 2 પર

### તેહરાને વાટાઘાટો માટે પોતાની પાંચ પૂર્વશરતો મૂકી

ઈરાની મીડિયા અહેવાલો અનુસાર, ઈરાને કહ્યું કે તે ફક્ત ત્યારે જ વાટાઘાટોમાં પાછા ફરશે જો સમગ્ર પ્રદેશમાં - ખાસ કરીને લેબનોનમાં - લશ્કરી કાર્યવાહીનો અંત આવે, ઈરાન પરના પ્રતિબંધો હટાવવામાં આવે અને તેની સ્થિર વિદેશી સંપત્તિઓ મુક્ત કરવામાં આવે. ઈરાને યુદ્ધના નુકસાન માટે વળતર અને હોર્મુઝ સ્ટ્રેટ પર તેની સાર્વભૌમત્વને માન્યતા આપવાની પણ માંગ કરી.

# રતલામ નજીક રાજધાની એક્સપ્રેસમાં આગ

**મુસાફરોને** સમયસર માત્ર 15 મિનિટમાં ઉતારી લેવાતા કોઇ જાનહાનિ નહીં, બે કોચને નુકસાન

**વહેલી** સવારે લાગેલી આગથી મુંબઇ-દિલ્હી વચ્ચેનો રેલ વ્યવહાર સાત કલાક સુધી ખોરવાયો

**સવારે** 5.15 વાગ્યે આગનો ભોગ બનેલી ટ્રેન સવારે 9.45 વાગ્યે આગળની મુસાફરી માટે રવાના થઇ

**રતલામ/કોટા, તા. 17 (PTI):** રવિવારે સવારે મધ્યપ્રદેશના રતલામ જિલ્લામાં તિરુવનંતપુરમથી નવી દિલ્હી જઈ રહેલી રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાં આગ ફાટી નીકળી હતી, જેમાં બે કોચને નુકસાન થયું હતું અને મુંબઈ-દિલ્હી રૂટ પરનો વાહનવ્યવહાર કેટલાક કલાકો સુધી પ્રભાવિત થયો હતો, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આગની આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. આ ઘટનામાં ઓવરહેડ સાધનોને થયેલા નુકસાનને કારણે મુંબઈ-દિલ્હી રૂટ પરની ૧૦ થી વધુ ટ્રેનોના સમયપત્રકને અસર થઈ હતી. આગ લાગવાનું કારણ શોધવા માટે તપાસ ચાલી રહી છે, ત્યારે સાત કલાકથી વધુ સમય બાદ રેલ વ્યવહાર પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. પશ્ચિમ મધ્ય રેલવેના ચીફ પબ્લિક રિલેશન ઓફિસર હર્ષિત શ્રીવાસ્તવે પીટીઆઈને ફોન પર જણાવ્યું કે, રેલવેના કોટા ડિવિઝન હેઠળના વિક્રમગઢ આલોટ અને લુનીરિછા સ્ટેશનો વચ્ચે સવારે ૫.૧૫ વાગ્યે ટ્રેનના B-1 કોચમાં આગ લાગી હતી અને તેના કારણે પાછળ આવેલા લગેજ-કમ-ગાર્ડ વાન (સામાન અને ગાર્ડનો ડબ્બો) ને પણ નુકસાન થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે,

...અનુસંધાન પાના 2 પર

### આગ લાગવાના સ્થળે જઈ રહેલી વાન પલટી જતાં રેલવેના પાંચ કર્મચારીઓ ઘાયલ

**રતલામ.** મધ્ય પ્રદેશના રતલામ જિલ્લામાં રવિવારે રાજધાની એક્સપ્રેસમાં આગ લાગવાના સ્થળે સમારકામના સાધનો લઈને જઈ રહેલી એક વાન પલટી જતાં રેલવેના પાંચ કર્મચારીઓ ઘાયલ થયા હતા, જેમાંથી એકની હાલત ગંભીર છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.અધિકારીએ જણાવ્યું કે, આલોટ તરફ જરૂરી સાધનો લઈને જઈ રહેલી એક વાન રસ્તામાં ત્યારે પલટી ગઈ જ્યારે અચાનક એક ગાય રસ્તાની વચ્ચે આવી ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે, રેલવેના પાંચ કર્મચારીઓ ઘાયલ થયા છે, જેમાંથી એકની હાલત ગંભીર છે. અધિકારીઓએ જણાવ્યું કે, ઘાયલ વ્યક્તિઓને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા અને ત્યાર બાદ તેમને રાજસ્થાનના કોટા ખાતે રીફર કરવામાં આવ્યા હતા.



# હોર્મુઝ પાર કરી 20,000 ટન LPG સાથેનું જહાજ ગુજરાત પહોંચ્યું

**માર્ચ** મહિનાની શરૂઆતથી 12 એલપીજી અને એક ક્રૂડ ઓઇલ ટેન્કર સહિત ૧૩ ભારતીય જહાજોએ હોર્મુઝની સામુદ્રધુની ઓળંગી



**કંડલા (ગુજરાત), તા. 17 (PTI).** પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે હોર્મુઝની સામુદ્રધુની ઓળંગીને ૨૦,૦૦૦ મેટ્રિક ટન લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) લઈને એક જહાજ ગુજરાતના કંડલામાં દીનદયાલ પોર્ટ ઓથોરિટી ખાતે આવી પહોંચ્યું હોવાનું અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, માર્શલ આઈલેન્ડ્સનો ધ્વજ ધરાવતું 'એમવી સાયમી' નામનું આ જહાજ કતારથી તેની સફર શરૂ કરીને ૧૩ મેના રોજ હોર્મુઝની સામુદ્રધુની ઓળંગીને શનિવારે રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ કંડલાના બંદર પર લાંગર્યું હતું. માર્ચ મહિનાની શરૂઆતથી ૧૨ એલપીજી ટેન્કર અને એક ક્રૂડ ઓઈલ ટેન્કર સહિત ભારતીય ધ્વજ ધરાવતા ૧૩ જહાજોએ હોર્મુઝની સામુદ્રધુની ઓળંગી છે. ઓમાનના દરિયાકાંઠાની નજીક આવેલો આ એક સાંકડો જળમાર્ગ છે, જેમાંથી વિશ્વના ઊર્જા પુરવઠાનો અંદાજે પાંચમો ભાગ પસાર થાય છે.

૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયેલા પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે આ માર્ગ ગંભીર રીતે પ્રભાવિત થયો છે, જેમાં અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર સંયુક્ત હુમલા કર્યા હતા,

...અનુસંધાન પાના 2 પર

# સ્પેસ ઇન્ટેલિજન્સ જાયન્ટ ICEYE ભારતમાં ઉત્પાદન શરૂ કરશે

**આ કંપનીની** આ એશિયા-પેસેફિક ક્ષેત્રમાં પ્રથમ ઉત્પાદન સવલત હશે

નવી દિલ્હી, તા. ૧૭(પીટીઆઈ): સ્પેસ-બેઝ્ડ ઈન્ટેલિજન્સ(અવકાશ આધારિત જાસૂસી) ક્ષેત્રે વૈશ્વિક અગ્રણી કંપની 'ICEYE', સંરક્ષણ, દેખરેખ અને પર્યાવરણીય દેખરેખ માટે નાના ઉપગ્રહોનું ઉત્પાદન કરવા આગામી એક વર્ષમાં ભારતમાં તેની પ્રથમ ઉત્પાદન સુવિધા સ્થાપવા જઈ રહી છે. ICEYEના સીઈઓ અને સહ-સ્થાપક રાફલ મોડ્રઝેવસ્કીએ જણાવ્યું હતું કે, આ સુવિધા એશિયા-પેસિફિક ક્ષેત્ર માટે કંપનીના મુખ્ય ઉત્પાદન હબ તરીકે કામ કરશે, જે યુરોપ અને અમેરિકામાં તેની વર્તમાન કામગીરીને પૂરક બનશે. આ કંપનીના સેટેલાઈટ કોન્સ્ટેલેશન્સ હાલમાં સંરક્ષણ અને ગુપ્તચર વિભાગથી લઈને વીમા અને કટોકટી વ્યવસ્થાપન જેવા વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ પૂરી પાડી રહ્યા છે. રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ સહિત વધતા જતા વૈશ્વિક ભૂરાજકીય તણાવ વચ્ચે ICEYEની ટેકનોલોજીની માંગમાં મોટો ઉછાળો આવ્યો છે. મોડ્રઝેવસ્કીએ પીટીઆઈને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ભારતની જરૂરિયાતો અને અમે જે ઓફર કરીએ છીએ તે બંને વચ્ચે મજબૂત સામંજસ્ય છે. વૈશ્વિક સ્તરે, અમે બે મુખ્ય પ્રવાહો જોઈ રહ્યા છીએ: સંરક્ષણ ખર્ચમાં વધારો અને સ્પેસ-બેઝ્ડ ક્ષમતાઓનો ઝડપી સ્વીકાર. તેમણે ઉમેર્યું કે, ભારત આ બંને પ્રવાહોને પ્રતિબિંબિત કરે છે. દેશો તાજેતરના સંઘર્ષો પરથી શીખી રહ્યા છે કે ઈન્ટેલિજન્સ અને ડિફેન્સ માટે સ્પેસ એ આગામી

...અનુસંધાન પાના 2 પર

# ભારત-નેધરલેન્ડ સંબંધો નવી ઉંચાઇએ : 17 કરારો થયા

**વડાપ્રધાન** મોદી અને તેમના ડચ સમકક્ષ રોબ જેટન વચ્ચે વિસ્તૃત મંત્રણા, ચિપ્સ, સંરક્ષણ, સ્વચ્છ ઉર્જા ક્ષેત્રે સહયોગ વધારાશે

**બંને નેતાઓએ** પશ્ચિમ એશિયા અને યુક્રેનની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી, હોર્મુઝના જળમાર્ગમાં વહાણવટાની સ્વતંત્રતા અંગે સહમતિ



**ધ હેગ, તા. 17 :** બદલાતા વૈશ્વિક ભૂ-રાજકારણથી પ્રેરિત થઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ડચ સમકક્ષ રોબ જેટન વચ્ચે યોજાયેલી વાતચીત દરમિયાન ભારત અને નેધરલેન્ડ્સે તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં બદલ્યા હતા અને સંરક્ષણ, મહત્વના ખનિજો તથા અન્ય મહત્વના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ૧૭ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. શનિવારે સાંજે યોજાયેલી તેમની બેઠકમાં, બંને વડાપ્રધાનોએ

...અનુસંધાન પાના 2 પર

### મોદી વિખ્યાત ડચ ડેમ જોવા ગયા

**ધ હેગ.** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના ડચ સમકક્ષ રોબ જેટન સાથે પ્રતિષ્ઠિત 'અફસ્લુઈટડીક ડેમ'ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ભારત અને નેધરલેન્ડ્સે જળ વ્યવસ્થાપન અને આબોહવા-સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ ઊંડાણપૂર્વકના સહયોગની સંભાવનાઓ શોધી હતી. મુલાકાત બાદ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં મોદીએ જણાવ્યું હતું કે, એક એવું ક્ષેત્ર જેમાં નેધરલેન્ડે અભૂતપૂર્વ કાર્ય કર્યું છે તે જળ વ્યવસ્થાપન છે. સમગ્ર આંતરરાષ્ટ્રીય સમુદાય આમાંથી ઘણું બધું શીખી શકે છે. વડાપ્રધાને

...અનુસંધાન પાના 2 પર



### નેધરલેન્ડે 11મી સદીના ચોલ વંશના તામ્રપત્ર ભારતને પરત કર્યા

નેધરલેન્ડ્સમાં લીડેન યુનિવર્સિટી લાઇબ્રેરીએ આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના ડચ સમકક્ષ રોબ જેટનની હાજરીમાં 11મી સદીના ચોલ



વંશનાઅત્યંત દુર્લભ તામ્રપત્રો ભારતને સોંપી દીધા છે. . નેધરલેન્ડમાં લીડેન પ્લેટ્સ તરીકે ઓળખવામાં આવતા તામ્રપત્રોને, રત લાવવા માટે ભારત 2012 થી પ્રયાસો કરી રહ્યું હતું, જે આખરે સફળ થયા છે. એક સત્તાવાર રિલિઝમાં જણાવાયું છે કે ચોલ વંશના તામ્રપત્રોમાં 21 મોટી પ્લેટો અને

...અનુસંધાન પાના 2 પર

### ધોલેરામાં બનશે 'સુપર ચિપ્સ' : ડચ કંપની ASML અને ટાટા વચ્ચે કરાર

ભારતે ટેકનોલોજીના મામલે સુપરપાવર ગણાતા નેધરલેન્ડ સાથે સેમિકન્ડક્ટર (ચિપ) સેક્ટરમાં એક મોટો અને ઐતિહાસિક કરાર કર્યો છે. નેધરલેન્ડની સૌથી મોટી ચિપ મેકિંગ કંપની ASML અને ભારતની ટાટા ઇલેક્ટ્રોનિક્સ વચ્ચે આ અંગે MoU સાઇન થયા છે. આ કરાર હેઠળ ટાટા ગ્રુપ ગુજરાતના ધોલેરામાં ચિપ પ્રોડક્શન માટે રૂ. 91,000 કરોડનું રોકાણ કરી રહ્યું છે. ટાટા આ પ્લાન્ટ

...અનુસંધાન પાના 2 પર

# કેરળમાં સતીશન કેબિનેટ જાહેર: આજે શપથવિધિ

**મુખ્યમંત્રી** સહિત ૨૧ મંત્રીઓ શપથ લેશે, ૧૪ નવા ચહેરા, સાથી પક્ષોનો પણ સમાવેશ

**તિરુવનંતપુરમ, તા. 17 (PTI):** કેરળના નિયુક્ત મુખ્યમંત્રી વી. ડી. સતીશને રવિવારે નવી સરકારના શપથ ગ્રહણ સમારોહ પૂર્વે 20 સભ્યોની કેબિનેટની જાહેરાત કરી છે. આ કેબિનેટમાં અનુભવી નેતાઓ અને 14 પ્રથમ વખતના મંત્રીઓનો સમાવેશ થાય છે, જેમાં બે મહિલાઓ અને અનુસૂચિત જાતિ(SC) સમુદાયના બે સભ્યો સામેલ છે. કોંગ્રેસની આગેવાની હેઠળની યુડીએફ (UDF) કેબિનેટમાં આઈયુએમએલ (IUML) સહિતના સાથી પક્ષોને સ્થાન આપવામાં આવ્યું

...અનુસંધાન પાના 2 પર

### IUML પોતાના પાંચ મંત્રીઓ જાહેર કર્યા

કોંગ્રેસના મુખ્ય સહયોગી પક્ષ IUML(ઇન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ) દ્વારા રવિવારે વી. ડી. સતીશનના નેતૃત્વવાળી નવી કેરળ કેબિનેટ માટે પોતાના મંત્રીઓની યાદી જાહેર કરવામાં આવી છે. પક્ષના પ્રમુખ પાનક્કાડ સાદિક અલી શિહાબ થંગલે

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૭-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૧.૯° સે. | ૨૮.૪° સે. | ૫૩% |

# UAEના અણુ મથક નજીક ડ્રોન હુમલાથી આગ : યુદ્ધ વિરામ વધુ જોખમમાં

**કોઇ** જાનહાનિ કે ઇજા નહીં, કિરણોત્સર્ગ સુરક્ષાના સ્તર પર અસર નહીં

**હુમલો** કોણે કર્યો તે અસ્પષ્ટ, યુએઇએ પણ કોઇના પર આક્ષેપ કર્યો નહીં



**કૈરો, 17 (AP):** સંયુક્ત આરબ અમીરાતના સત્તાવાળાઓએ રવિવારે જણાવ્યું હતું કે, અબુ ધાબીમાં એક ન્યુક્લિયર પાવર પ્લાન્ટની બહાર ડ્રોન હુમલાને કારણે આગ લાગી હતી. આના કારણે યુદ્ધ વિરામને વધુ એક આંચકો લાગ્યો છે. અબુ ધાબી મીડિયા ઓફિસે એક નિવેદનમાં જણાવ્યું છે કે, અલ ધાફરામાં આવેલા 'બરાકાહ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ'ની સરહદ બહાર એક બાહ્ય ઈલેક્ટ્રિકલ જનરેટરમાં આ આગ ફાટી નીકળી હતી. નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી અને રેડિયોલોજીકલ સુરક્ષાના સ્તર પર કોઈ અસર થઈ નથી. આ ડ્રોન હુમલો એવા સમયે થયો છે જ્યારે અમેરિકા અને ઈરાન

...અનુસંધાન પાના 2 પર